**તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૧ | ૨૧ જુલાઈ, ૨૦૧૬, ગુરૂવાર ; અષાઢ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગુજરાત બંધને મિશ્ર પ્રતિસાદ

**ઠેર ઠેર વિરોધ પ્રદર્શન અને ચક્કાજામની સ્થિતિ સર્જાઈ : સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં સઘન સુરક્ષા વચ્ચે સાવચેતીના પગલારુપે એસટી બસો બંધ : વધુ એક દલિતે આપઘાતનો પ્રયાસ કર્યો : જનજીવન પર અસર**






અમદાવાદ,તા. ૨૦

ઉનામાં દલિતો પર કરવામાં આવેલા અત્યાચારના મામલે આજે ગુજરાત બંધની ઘણી જગ્યાએ જોરદાર અસર જોવા મળી હતી. દલિત સમુદાયના લોકો ટોળામાં જાહેર રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા અને વાહન વ્યવહારને રોકવાના પ્રયાસ કરાયા હતા. તોડફોડ પણ કરવામાં આવી હતી. દલિત સમુદાય વર્ચસ્વવાળા વિસ્તારોમાં સજ્જડ બંધની અસર જોવા મળી હતી. આજે પણ આપઘાત કરવાના પ્રયાસોનો દોર જારી રહ્યો હતો. ૪૫ વર્ષીય એક આધેડ રાજુભાઈ પરમારે દવા ગટગટાવી લેતા તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બીજી બાજુ છેલ્લા ત્રણ દિવસમાં જ આપઘાત કરવાના ૨૦ પ્રયાસો કરવામાં આવી ચુકયા છે. પાટીદારોના હિંસક આંદોલન બાદ હવે દલિત દાવાનળથી ગુજરાત હચમચી ઉઠ્યું છે. રાજ્યથી લઈને કેન્દ્ર સુધી તેની અસર જોવા મળી રહી છે. બીજી બાજુ ધરપકડનો દોર આજે પણ જારી રહ્યો હતો. સાવચેતીના પગલારુપે તમામ જગ્યાઓએ મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. સાવચેતીના પગલારુપે બસ સેવાને પણ બંધ રાખવામાં આવી હતી. કેટલીક જગ્યાએ સજ્જડ બંધ રહેતા લોકોને મુશ્કેલી પડી હતી. જ્યારે કેટલીક જગ્યાએ તેની કોઈ અસર જોવા મળી ન હતી. જો કે ઉનાનુ સમઢીયાળા સજ્જડ બંધ રાખવામાં આવ્યુ હતુ. બીજીબાજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ બંધની અસર જોવા મળી હતી. જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ અને ભાવનગરમાં બંધની અસર જોવા મળી હતી. બંધ દરમિયાન કોઈ હિંસા ન થાય તે માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## એએમટીએસની બાર બસોમાં તોડફોડ

અમદાવાદ, તા. ૨૦

રાજયવ્યાપી આજે આપવામાં આવેલા બંધના એલાનના પગલે શહેરના વિવિધ વિસ્તારોમાં લોકોના એકઠા થયેલા ટોળા દ્વારા એએમટીએસ અને બીઆરટીએસની બસોને ટારગેટ કરવામાં આવતા સવારે રોડ ઉપર મુકવામાં આવેલી બસો પૈકી મોટા ભાગની બસો બપોરે બાર સુધીમાં પાછી ખેચવાની સત્તાવાળાઓને ફરજ પડી હતી. આજે દિવસ દરમ્યાન બનેલા વિવિધ બનાવોમાં પથ્થરમારાને કારણે એએમટીએસની એક ડઝન જેટલી બસોને નુકસાન થવા પામ્યું છે. જ્યારે બીઆરટીએસની વિવિધ ૧૩ રૂટો ઉપર દોડાવવામાં આવતી ૨૩૦ બસો પૈકી અગમચેતીના ભાગરૂપે સવારથી જ ૧૧ રૂટો પર બસો દોડાવવામાં આવી ન હતી. જ્યારે છેલ્લે સાંજે પાંચ વાગ્યા બાદ નરોડાનો રૂટ પણ બંધ કરી દેવામાં આવ્યો હતો. આમ બીઆરટીએસના શહેરમાં ૧૩ રૂટો પૈકી બાર રૂટો પર બસો દોડવવામાં ના આવતા બીઆરટીએસને રૂ. ૧૦ લાખની ખોટ સહન કરવી પડી છે. જ્યારે એએમટીએસને પહેલી શીફટમાં જે રૂપિયા ૧૬ લાખની આવક થાય છે. તેમાં ઘટાડો થતા ૫ લાખની ખોટ સહન કરવી પડી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરના બાપુનગર, સરસપુર, પોટલીયા, અમરાઈવાડી, મેઘાણીનગર, બહેરામપુરા, ભુલાભાઈ પાર્ક વગેરે વિસ્તારોમાં લોકોના ટોળા મોટી

## અપરાધીઓને કઠોરમાં કઠોર સજા કરાશે : આનંદીબેન

**આનંદીબેન પીડિતોને મળવા પહોંચ્યા : મુખ્યમંત્રી પીડિત પરિવારની વાત સાંભળી ભાવનાશીલ બન્યા**



અમદાવાદ, તા. ૨૦

ગુજરાત બંધના દિવસે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આજે ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં મોટા સમઢીયાળા પહોંચ્યા હતા ત્યાં દલિત પરિવારના સભ્યો સાથે વાતચીત કરી હતી. મુલાકાત વખતે પરિવારની વાત સાંભળીને મુખ્યમંત્રી ભાવુક થઈ ગયા હતા. મુખ્યમંત્રી આનંદીબેન પહોંચ્યા ત્યારે ઉપવાસ ઉપર બેઠેલા એક વ્યક્તિએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. દલિત પરિવારના ઘરે પહોંચેલા આનંદીબેન તેમની વાત સાંભળીને ભાવુક થઈ ગયા હતા.તેમને વચન આપ્યું હતું કે, આરોપીઓને કઠોરમાં કઠોર સજા કરવામાં આવશે. પીડીત પરિવારને વહેલી તકે સહાય આપવામાં આવશે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું હતું કે, બાળકોને ભણાવવામાં આવે તે જરૂરી છે. એક મહિના પછી તેઓ ફરી અહીં આવશે. બાળકો નહીં ભણે તો તેઓ પોતે તેમને લઈને ભણાવશે.

● અનુસંધાન પાન-૭ પર

## વિમાની યાત્રા મોંઘી બનશે

નવી દિલ્હી,તા. ૨૦

દેશની અંદર વિમાની યાત્રા મોંઘી થઈ શકે છે. કારણ કે નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા હવે યાત્રી સર્વિસ ફી (પીએસએફ)ને વધારી દેવાના મામલે વિચારણા કરવામા આવી રહી છે. આ પી દરેક સ્થાનિક ટિકિટ પર લેવામાં આવે છે. દરેક ટિકિટ પર ૧૩૦ રૂપિયાની પીએસએફ લેવામાં આવે છે. આના કારણે જે પૈસા મળે છે તેનો ઉપયોગ દેશમાં એરપોર્ટની સુરક્ષા માટે કરવામા આવે છે. વર્ષ ૨૦૦૨ બાદથી હજુ સુધી આ ચાર્જમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

## પૂર્વ ભારતીય હોકી કેપ્ટન મોહમ્મદ શાહીદનું નિધન

ગુડગાવ,તા. ૨૦

પૂર્વ ભારતીય હોકી કેપ્ટન મોહંમદ શાહીદનું લાંબી માંદગી બાદ ગુડગાવના મેદાન્તા હોસ્પિટલમાં અવસાન થઈ ગયું છે. તેઓ ૫૬ વર્ષના હતા. મોહંમદ શાહીદે સતત ત્રણ ઓલિમ્પિક ૧૯૮૦, ૧૯૮૪ અને ૧૯૮૮માં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યુ હતું. તેઓ છેલ્લા કેટલાક સમયથી લીવર અને કિડનીની ગંભીર સમસ્યાથી ગ્રસ્ત હતા. ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટનને શાનદાર પ્રદર્શનના આધાર પર પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. મોસ્કો ઓલિમ્પિક ૧૯૮૦માં છેલ્લે ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય ટીમના કેપ્ટન તરીકે રહેલા મોહંમદ શાહીદ વારાણીના નિવાસી હતા.

# દલિતો પર અત્યાચારનો મુદ્દો સંસદમાં છવાયો

**રાજ્યસભાની કામગીરી બે વાર મોકુફ કરાઇ : સંસદના બન્ને ગૃહમાં જોરદાર હોબાળો : શાસક પક્ષ અને વિરોધ પક્ષોની વચ્ચે આક્ષેપબાજી : રાજકીય ગરમી વધી**

નવી દિલ્હી,તા. ૨૦

ગુજરાતના ઉનામાં દલિતો પર કરવામાં આવેલા અત્યાચારનો મુદ્દો આજે સંસદના બન્ને ગૃહોમાં પણ છવાયેલો રહ્યો હતો. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષના સભ્યોએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાતના ઉનામાં ગૌરક્ષકો દ્વારા નામ પર દલિત યુવાનોને માર મારવાના મામલે હિંસાની શરૂઆત થઈ હતી. આ મામલે રાજનિતી ગરમ થઈ ગઈ ચે. આજે સંસદના બન્ને ગૃહોમાં હોબાળો થયો હતો. આ મુદ્દે કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટી દ્વારા જોરદાર હોબાળો કરવામાં આવ્યો હતો. ભારે ધાંધલ ધમાલના કારણે રાજ્યસભાની કામગીરી મોકુફ કરવામાં આવી હતી. જ્યારે લોકસભામાં પણ આવી જ સ્થિતિ રહી હતી. સરકાર તરફથી રજૂઆતમાં કહેવામાં આવ્યુ છે કે દલિત યુવાનો હેરાન કરનાર અને તેમના પર અત્યાચાર કરનાર લોકોની ધરપકડ કરી લેવામાંઆવી છે. દોષિત લોકોને છોડવામાં આવશે નહી. કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધીએ સવારમાં કહ્યુ હતુ કે તેમની પાર્ટી સંસદમાં આ મુદ્દાને જોરદાર રીતે ઉઠાવશે. સોનિયા ગાંધીએ આ ઘટનાને સોશિયલ ટેરર તરીકે ગણાવીને તેની ટિકા કરી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને આ મામલો ગરમ બની શકે છે. ઉનામાં હાલમાં ભારે તોફાનની સ્થિતી છે. ગઈકાલે સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં હિંસા થઈ હતી.

ઉનામાં દલિતો પર કરવામા આવેલા અત્યાચારના મામલે આજે ગુજરાત બંધની અસર જોવા મળી હતી. કેટલીક જગ્યાએ સજ્જડ બંધ રહેતા લોકોને મુશ્કેલી પડી હતી. જ્યારે કેટલીક જગ્યાએ તેની કોઈ અસર જોવા મળી ન હતી. જો કે ઉનાનુ સમઢીયાળા સજ્જડ બંધ રાખવામાં આવ્યુ હતુ. બીજીબાજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ બંધની અસર જોવા મળી હતી. જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ અને ભાવનગરમાં બંધની અસર જોવા મળી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે દલિતો પર અત્યાચારના મામલે રાજનીતિ ગરમ થઈ ગઈ છે.

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ શુક્રવારના દિવસે ગુજરાત પહોંચીને ભોગ બનેલા લોકોને મળી શકે છે. આમ આદમી પાર્ટીના સાંસદ ભગવંત માને આ મુદ્દા પર સંસદમાં ચર્ચા માટે નોટીસ આપી છે.

# દલિત અત્યાચાર મુદ્દે તમામ પગલા લેવાયા : રાજનાથ

**ગુજરાત દલિત અત્યાચારની સંસદમાં પણ જોરદાર ગૂંજ : દોષિતોની ધરપકડ કરાઈ છે : તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપાઈ છે : ખાસ કોર્ટ પણ બનાવવામાં આવનાર છે : પીડિતોને મદદ કરાઈ છે : રાજનાથસિંહ**




નવીદિલ્હી,તા. ૨૦

ઉનામાં દલિતો પર થયેલા અત્યાચારના મુદ્દે સંસદમાં પણ ગુંજ રહી હતી. ગૃહમંત્રી રાજનાથસિંહે આજે સંસદમાં આજે આ અંગે નિવેદન કર્યુ હતું. રાજનાથસિંહે વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી. સ્થિતિ વધારે કમનસીબ એ વખતે બની હતી જ્યારે હોબાળા અને વિરોધ વચ્ચે કોંગ્રેસે વોકઆઉટ કર્યો હતો. લોકસભામાં શૂન્યકાળ દરમિયાન રાજનાથસિંહે કહ્યું હતું કે, ઉના દલિતને મારવાના મુદ્દે ફરિયાદ નોંધી લેવામાં આવી છે. સંબંધિતોની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. આ કેસની તપાસ સીઆઈડીને સોંપવામાં આવી ચુકી છે. આ મામલે રાજ્ય સરકાર સ્પેશિયલ કોડ બનાવવા પણ વિચારી રહી છે. ગુજરાત સરકારે પીડિતોને ચાર-ચાર લાખ રૂપિયા આપવાની પણ જાહેરાત કરી ચુકી છે. તેમાંથી એક લાખ રૂપિયાની સહાયતા પણ આપવામાં આવી ચુકી છે. પીડિતોને સારવારનો ખર્ચ પણ રાજ્ય સરકાર આપી રહી છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઘટનાક્રમથી દુખી છે. રાજનાથસિંહે વળતો આક્ષેપ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના શાસન દરમિયાન દલિતો ઉપર વધુ અત્યાચારો થતાં હતા. ભાજપ સરકાર આવ્યા બાદ સ્થિતિમાં સુધારો થયો છે. ગુજરાતમાં દલિતો પર અત્યાચારના મુદ્દે આજે ભારે હોબાળો જારી રહ્યો હતો જેથી લોકસભા અને રાજ્યસભાની કામગીરી ખોરવાઈ ગઈ હતી. રાજ્યસભાની કામગીરી અનેક વખત મોકૂફ કરવામાં આવી હતી. લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ રાજનાથના

● અનુસંધાન પાન-૭ પર


**ફ્લેટ વેચવાનો છે**



સે.૨૯, 3BHK, બીજો માળ, ફુલ્લી ફર્નિશ્ડ, ઘ-૬ની નજીક, તદ્દન નવું બાંધકામ

**જાનકી એપાર્ટમેન્ટ**

પ્લોટ નં. ૪૦૦, ગાંધીનગર

મો. : ૯૬૨૪૨ ૧૦૩૬૫


**અંજલિ**



**પરેશ પટેલ**
સ્વ. તા. ૨૧-૭-૧૯૯૩

આજે ત્રેવીસ વર્ષના
વ્હાણા વાયા....
પણ,
તારી સ્મૃતિ હજુ પણ
અકબંધ છે...
સંબંધોના સંભારણાનું ભાથુ
હજુ પણ યથાવત છે...

દિવ્ય આત્માને ચિર શાંતિ માટે
**પરમતત્વને પ્રાર્થના....**

પ્રકાશ લાલા, ઘનશ્યામ પટેલ, નીતિન પટેલ, કૃષ્ણકાન્ત જહા, સંજીવ મહેતા, દિલીપ રાવલ, હિરેન ભટ્ટ, જાગૃતિ ત્રિવેદી

**પરેશ પટેલ મેમોરિયલ ટ્રસ્ટ - ગાંધીનગર**


**VAIBHAV FURNISHINGS INC.**

RETAIL SHOWROOM & FACTORY OUTLET



DECOR Live beautiful · DC TEX FURNISHINGS · HOMES · COPPER · SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 ,09829719885 ,09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225